## ગાંધીનગર મને ગમે છે...



**ડો. નેહલ દેસાઈ**
**(મહિલા પતંજલિ યોગ સમિતિ અધ્યક્ષ)**

કોઈ વ્યક્તિ એના સ્વભાવને કારણે ગમે, કોઈ વસ્તુ એના ઉપયોગને કારણે ગમે પરંતુ મને ગાંધીનગર એની સુંદરતા, સ્વચ્છતા અને શાંતિના કારણે ગમે છે.. હું ગાંધીનગરની મૂળ વતની એટલે આ મારી જન્મભૂમિ છે અને જન્મભૂમિ સાથે માણસ હૃદયના ઊંડાણથી જોડાયેલા હોય છે. બાળપણથી લઈને જુવાનીની હર એક ખાટી-મીઠી યાદો આ શહેર સાથે જોડાયેલ છે. ગાંધીનગર શહેરની વ્યૂહરચના એટલી સુવ્યવસ્થિત છે કે એકવાર એને કોઈ શાંતિથી સમજી લે તો કોઈ પ્રતિકૂળતા રહે નહીં. અહીં વૈવિધ્યપૂર્ણ જીવનશૈલી ધરાવતા માણસોને તેમની વિવિધતા અનુસાર આર્થિક, સામાજિક અને ધાર્મિક સ્વતંત્રતા સાથે જીવનનિર્વાહની તક મળી રહે છે. પ્રત્યેક સેક્ટરમાં બાળકોથી લઈને વડીલો માટે જીવન જરૂરિયાતની સાથે સાથે મોજ શોખ પૂરી પાડતી વ્યવસ્થા છે. જે હર એક વ્યક્તિને આકર્ષે છે. પ્રકૃતિ સાથે વણાયેલી એવો મારો જીવ ગાંધીનગર શહેરના શાંત વાતાવરણ અને સુંદર બગીચાઓના પ્રેમમાં પડી ગયો છે... એમ કહું તો કોઈ અતિશયોક્તિ નથી. બાળપણ અને જુવાની અહીં ગાળ્યા બાદ વૃદ્ધાવસ્થા વિતાવવા આનાથી સુંદર શ્રેષ્ઠ અને સ્વર્ગ સમાન સ્થળ બીજું કોઈ જ હોઈ ન શકે...

## ગાંધીનગર તાલુકાના કાનપુર ગામ ખાતે યુવાનો દ્વારા વૈદિક હોળી પ્રગટાવાઈ

ચિલોડા, તા. ૧૯

હોળીના ધાર્મિક મહોત્સવમાં આખા ગુજરાતમાં અલગ અલગ રીતે હોળીની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આવી જ રીતે ગાંધીનગર




જિલ્લાના કાનપુર ગામ ખાતે કાનપુરના યુવાનોએ કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને વૈદિક હોળીનું ભવ્ય આયોજન કરાયું હતું.આ વૈદિક હોળીમાં એકાવન જાતની અલગ અલગ આહુતિઓ આપવામાં આવી હતી. તેમજ અલગ અલગ પ્રકારના દસ જેટલા પવિત્ર લાકડાઓ આશરે ૧૦૦૦ કિલો જેટલા લાકડાઓ દ્વારા હોળી પ્રગટાવવામાં આવી હતી. આ હોળી મહોત્સવ કાર્યક્રમમાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને આ ૫૧ જાતની આહુતિમાં નાખતા વાતાવરણ પવિત્ર અને કોરોનામુક્ત બન્યુ. આ સિવાય હોળીને અલગ અલગ રંગ અને પતંગોથી સુશોભિત કરવામાં આવી હતી.





# શહેરમાં રંગોત્સવ ઉમંગભેર ઉજવાયો

## વિવિધ શાળા, કોલેજો, સામાજિક સંસ્થા, સેક્ટરો, સોસાયટીઓ, ધાર્મિક સ્થળો દ્વારા રંગોત્સવની વિવિધ રીતે ઉજવણી થઈ

ગાંધીનગર, તા. ૧૯

શહેરમાં રંગોત્સવની ઉજવણી ઉત્સાહ અને ઉમંગભેર કરવામાં આવી હતી. વિવિધ શાળા, કોલેજ, સામાજિક સંસ્થાઓ, સોસાયટીઓ, ધાર્મિક સ્થળોમાં રંગોત્સવની ઉજવણી આ વર્ષે ખૂબ જ ઉત્સાહથી કરવામાં આવી હતી. નાના બાળકોથી લઈ વડીલો દ્વારા કલર અને અબીલ ગુલાલથી આ ઉજવણી કરવાથી શહેરમાં ઠેર ઠેર માર્ગો પર અને દરેક રસ્તાઓ ઉપર પાણીના રેલા અને કલર જોવા મળ્યા હતા. એકબીજાને પારખવા જ મુશ્કેલ બની જવાય તેવી રીતે આ વર્ષે રંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. નાના બાળકો અવનવી પીચકારીઓથી ધૂળેટીના દિવસે ખુશખુશાલ જોવા મળી રહ્યા હતા તથા સેલ્ફી અને રંગોત્સવના વિડીયો દ્વારા સોશિયલ મીડિયામાં રંગોત્સવની ઉજવણી જોવા મળી રહી હતી.

- **ઈન્ફોકીડ્સ પ્રિસ્કૂલ**

ઈન્ફોકીડ્સ પ્રિ-સ્કૂલમાં ધૂળેટી વીથ નેચર સ્વરૂપે ઉજવવામાં આવી હતી. બાળકોને વિવિધ રંગોના ફૂલની પાંખડીઓ દ્વારા ધૂળેટી રમવાની વિશેષ માહિતી આપી તહેવારનું મહત્વ સમજાવ્યું હતું. જેમાં સંસ્થાના શિક્ષકગણ તથા વાલીઓ પણ ઉજવણીમાં જોડાયા હતા.

- **ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ, સે. ૨૪**

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ ગાંધીનગર દ્વારા સે. ૨૪ ખાતે સેવા વસ્તીમાં હોળી ઉત્સવ મનાવ્યો હતો. સંસ્થા દ્વારા હોળી ઉત્સવ પૂર્વે ચેર પર્સન આશાબેન પંડ્યાની અધ્યક્ષતામાં સ્વર્ણિમ ક્લબના પ્રમુખ રાધેશ્યામ યાદવ, ઉપ પ્રમુખ મંગળસિંહ સોલંકી, ડાયરેક્ટર ડૉ. ગુલાબચંદ પટેલ, મહેન્દ્રભાઈ ચૌહાણ, સેક્રેટરી મહેન્દ્રસિંહ સોલંકી, યોગીજી, નેશનલ કોષાધ્યક્ષ સંજીવ યાદવ, લાલભાઈ, અંકિતકુમારની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં બાળકોએ ગીતો રજૂ કર્યા હતા. બાળકોને ખજૂર, ધાણી, ચીકીના પેકેટ વહેંચવામાં આવ્યા હતા.

- **સાયકલ ક્લબ**

જીથ્રી સાયકલ ક્લબ દ્વારા સવારે સાયકલીંગ કરીને ઈન્ફોસીટી ખાતે ધૂળેટીની ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગર સાયકલ મેયર મેયર પિન્કી જહા, સંજય થોરાત, વિવેક શાહ, મંથન સાયકલીંગ કરી અને એકબીજાને ગુલાલ લગાડી રંગોત્સવની ઉજવણી કરી હતી.

- **વેદ સંચાલિત એ.વી.વી. સ્કૂલ**

એ.વી.વી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં હોળીની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોને હોળી-ધૂળેટીની વાતો તથા હોળી કેમ ઉજવવામાં આવે છે તે વિશે માહિતી આપી હતી. હોલિકાદહન કરી પૂજા કરાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને દર્શન કરાવી નાનકડા ભૂલકાઓ માટે ઓર્ગેનિક કલર મેકિંગ વર્કશોપ તથા ટાઈ એન્ડ ડાઈ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. દરેક વિદ્યાર્થીઓને તિલક કરી ધૂળેટી ઉજવવામાં આવી હતી.

- **સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર**

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર ચિલોડામાં નાના ભૂલકાઓથી લઈને તમામ બાળકો અને શિક્ષક મિત્રોએ હોળી રમીને અનેરો આનંદ માણ્યો હતો.

- **સ્વપ્નવિલા-૩, પેથાપુર**

રંગોત્સવની ઉજવણી સોસાયટીના રહિશો દ્વારા હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી.

- **CITUS રીસર્ચ, ગાંધીનગર**

રંગોત્સવની ઉજવણી ઓફિસના તમામ સ્ટાફના સભ્યોએ સાથે મળીને કરી હતી. જેમાં મૈત્રી પંડ્યા અને ડૉ. પ્રિયેશ કટારા દ્વારા હોળીની ઉજવણીનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.

- **યોગી પરિવાર**

ગુજરાત યોગ બોર્ડ દ્વારા સંચાલિત યોગ વર્ગમાં સેક્ટર-૪ના ગાર્ડનમાં તેમજ ચૌધરી સંકુલમાં યોગ કોચ આશા મહેતાના સાનિધ્યમાં યોગી પરિવાર દ્વારા ફૂલોની હોળીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં યોગી બહેનો ઉપસ્થિત રહી યોગમય વાતાવરણ બનાવ્યું હતું.

- **સેક્ટર-૮**

સે. ૮ માં હોળી ધૂળેટીના રંગબેરંગી તહેવારની ગુલાલ અને રંગોની સાથે પાણીની પિચકારી સાથે બાળકોએ ધમાલ કરી હતી. બાળકોની સાથે વડીલો પણ જોડાયા હતા અને સૌને ધાણી, ખજૂરની લ્હાણી કરી હતી.

- **શાલ્વીક હોમ્સ, વાવોલ**



શાલ્વીક હોમ્સ સોસાયટીમાં નાના નાના ભૂલકાઓથી લઈ તમામ વસાહતીઓએ ઉત્સાહપૂર્વક રંગોત્સવની ઉજવણી કરી હતી.

- **સેક્ટર-૭-એ વસાહત મંડળ**



સે. ૭-એ વસાહત મંડળના પ્રમુખ જશવંત ગાંધી અને મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબેન રાવલની આગેવાની હેઠળ ૮૦ થી વધુ વસાહતી ભાઈઓ-બહેનો અને બાળકો જોડાઈને સમગ્ર સેક્ટરમાં અબીલ અને ગુલાલની સાથે રંગોથી રંગોત્સવ મનાવીને મોજ મસ્તીથી આનંદ માણ્યો હતો. તથા હોળીના દિવસે હોળીમાં છાણા, લાકડા, લીમડાના લાકડાની સાથે સાથે કેરીનો હાર, સાકરના હાયડા, અગરબત્તી, પતંગ, સાત ધાન્યની માટલી મુકી હતી. ખજૂર, જુવારની ધાણીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

- **સેક્ટર-૮**



રંગોત્સવની ઉજવણી સેક્ટરના વસાહતીઓ દ્વારા અબીલ-ગુલાલ અને રંગબેરંગી કલરથી આનંદ અને ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. સમગ્ર વિસ્તારના રસ્તાઓ પર રંગબેરંગી કલર પથરાઈ ગયા હતા અને આ વર્ષે રંગોત્સવની ઉજવણી કરી હતી.

- **પંચદેવ મંદિર**



આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ધૂળેટીના દિવસે ફૂલોત્સવની સાથે સાથે નગરદેવ પંચદેવ મંદિરના આંગણે શ્રી રાધા મંડળ તેમજ અન્ય મંડળો સત્સંગીઓ દ્વારા આજીવન દરમ્યાન ૭૫ વૃક્ષો વાવશે તેવો સંકલ્પ પંચદેવ મંદિરના નીલકંઠ શાસ્ત્રીએ કરાવ્યો હતો.

- **ઈન્દ્રપ્રસ્થ-૫**



ઈન્દ્રપ્રસ્થ-૫ માં વસાહતીઓ દ્વારા સપ્તરંગી કલર દ્વારા રંગોત્સવની મજા માણી હતી.

- **સેક્ટર-૬ વસાહત મંડળ**

સે. ૬ વસાહત મંડળના પ્રમુખ ચંદ્રકાન્તભાઈ સોની અને અન્ય નાગરિકોએ રંગોત્સવની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી.

- **સંસ્કાર ગ્રુપ**

સંસ્કાર ગ્રુપ દ્વારા સેક્ટર-૭ સુવિધા કચેરી પાસે રંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. નાના બાળકોને કલર, પીચકારી, કેસુડા, ધાણી, ખજૂર, ચંદન, હલ્દી, કંકુ આપીને સંસ્થાના



સભ્યોએ સેવા કાર્ય કરીને ઉજવણી કરી હતી.

- **શ્રેયસ સોસાયટી, સેક્ટર-૨૨**

સોસાયટીમાં તમામ બહેનો અને નાના ભૂલકાઓ દ્વારા ઉત્સાહપૂર્વક રંગોત્સવની મજા માણી હતી. જેમાં ડીજેના તાલે ગરબા રમવામાં આવ્યા હતા અને આઈસક્રીમ પાર્ટી કરીને રંગોત્સવ ઉજવ્યો હતો. સોસાયટીના લીલાબેન ચૌધરી દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું.

- **વૈદેહી-૨ રેસીડેન્સી, વાવોલ**



- **એસ.આર.પી. ગાર્ડન, ગાંધીનગર**

ગાંધીનગર પોલીસ પરિવાર દ્વારા સે. ૨૭માં રંગોળી દોરીને રંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.


















## ચિલોડા ગામે હોળી અને ધૂળેટીનો મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

ગુજરાતમાં બે વર્ષ કોરોના મહામારી બાદ ચાલુ વર્ષે ઉત્સવપ્રિય જનતાએ ફાગણ સુદ પુનમના દિવસે હોળી અને ધૂળેટી પર્વની ધામધૂમથી ઉજવણી કરવા મશગુલ બન્યા હતા. ત્યારે ચિલોડા ગામના મુખ્ય પ્રવેશદ્વારે બળિયાદેવ મહારાજ અને મહાકાળી યુવક મંડળ આયોજિત હોળી પ્રગટાવવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. ત્યારે સાંજે ૭.૩૦ વાગે ગામના અગ્રણીઓ અને યુવાનોએ ભક્તિભાવથી હોળી પ્રગટાવી હતી. જેમાં ગ્રામજનોએ શ્રીફળ, ધાણી, સોપારી, ખજૂર, હાયડા, ચોખા, લીલા લીમડાના પાન, કપૂરની ગોટી, ધાણી વગેરેની આહુતિ આપી સાત ફેરા પ્રદક્ષિણા કરી પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. બીજા દિવસ ધૂળેટી ઉત્સવનો અનોખા મહિમા રહેલો છે. ધૂળેટી-રંગોત્સવમાં સાંજે ૪ વાગે યુવાનો દ્વારા મહાકાળી માતાજીનો ખેલ કાઢવાની પરંપરાગત રિવાજ પ્રમાણે ૫૦ થી વધુ યુવાનોએ દેવી-દેવતા-રામાયણ-મહાભારત અન્ય પાત્રો ધારણ કરી વિવિધ વેશભૂષા પહેરી ખેલૈયાઓ ઉત્સાહપૂર્વક ખેલ રમ્યા હતા.